# ચલ, ઉડ જા રે પછી

**— યશવત મહેતા**

વરસો પહેલાની વાત છે.

કોઈ એક દેશમા એક ગામ હતુ. પહાડોની વચ્ચે વસેલુ હતુ. ફરતા થોડા ખેતર હતા. પછી પહાડ શરૂ થતા.

ગામ ખૂબ સુખી હતુ. ધનવાન હતુ. એના ખેતર ખૂબ ફળદ્રુપ હતા. જમીન ઘણી ઉપજાઉ હતી. દર વરસે ચોમાસામા પહાડોની માટી ધોવાઈ આવતી. એથી જમીન ખૂબ સારી રહેતી.

ગામના ખેડૂતો પણ મહેનતુ હતા. ખેતરમા જાતજાતના પાક ઉગાડતા. અનાજ, કઠોળ, તેલીબિયા, શાકભાજી, ફળ વગેરેની છત રહેતી.

જોકે ગામવાળાઓને એક ચિતા રહેતી. એમના ખેતરો પર ખૂબ પખી ઊતરી આવતા. એ દાણા ચણતા. શાકભાજીને ચાચ મારતા. ફળ ફોલી ખાતા. ખેડૂતોનો ઘણો પાક એ ખાઈ જતા. આથી ગામવાળા ઠીક ઠીક રોષમા રહેતા. વરસ વીતતા ગયા તેમ રોષ વધતો ગયો.

આખરે ગામલોકોએ ઠરાવ કર્યો : પખીઓ નહિ જોઈએ ! આપણા ખેતરોમા કોઈ પખી જ ન આવે એવુ કરા !

આથી, કોઈકે સાણસા બનાવ્યા. પખી દાણા ખાવા ખાવે અને ફસાય. કોઈકે ગિલોલો ચલાવી. પખી દેખાય કે તરત ગિલોલમાથી પથરો ફગોળે. પખી મરી જાય. કોઈકે ખેતરોને શેઢ ધુમાડા કર્યા. પખી આવે તો ગૂગળાઈ મરે. કોઈકે ઝેર ભેળવેલા રોટલા મૂક્યા. પખી રોટલો ખાય અને મરે.



આખરે તમામ પખીઓનો શોથ ગયો. લોકોએ સીમ ફરતા ધુમાડા કર્યા. નવા પખી આવતા બધ થયા. એ પછીને વરસે ખેતરોમા મબલખ પાક ઊતર્યા. દર વરસ કરતા દોઢા ઊપજ થઈ. ગામલોકોની ખુશાલીનો પાર ન રહ્યો. વાહ! આપણે કેવા ડાહ્યા કે પખીડાઓને કાયમને માટે ઉડાડી મેલ્યા !

એ પછીને વરસે અને એનીય પછીને વરસે મબલખ પાક ઊતર્યા. પણ.....ચોથે વરસે એક ઉપદ્રવ થયો. બધા ખેતરોમા જાતજાતના કીડા, મકોડા, ઇયળો, વદા વગેરે દેખાવા લાગ્યા. આમા કેટલીક ઇયળો ભયકર હતી. એ પાકના પાદડા ખાઈ જતી ! અને વનસ્પતિને જો પાન જ ન હોય તો એના પર કશુ પાકે જ નહિ.

ખેડૂતોએ આ જતુઓને મારવા માડયા. જમીન પર દેખાય કે ચગદી નાખે. છોડ પર દેખાય કે ઝૂડી નાખે. આખો દિવસ જતુઓને મારવાનુ ચાલે. પણ રાતનુ શ ? રાતે ઝીણી જીવાત દેખાય નહિ....જીવાત રાત આખી નુકશાન કરે.

એકબે જુવાનો રાતે પણ ખેતરે રહેવા લાગ્યા. પણ જીવાત એમનેય કરડી ગઈ ! બિચારાઓના શરીર આખા સૂજી ગયા.

એ વરસે પાક ઘણો ઓછો ઊતર્યા. ફળ તો થયા જ નહિ.

અને પછીને વરસે રીતસર દુકાળ પડયો. ખેતરોમા કશુ પાક્યુ નહિ. વરસાદથી ઘાસ અને જગલી છોડી ઊગી નીકળ્યા, પરતુ જીવાતે એ બધુ તરત ખતમ કરી નાખ્યુ.

પછી જીવાત ગામ ભણી વળી, ભૂખી જીવાતે પહેલા ઢોરો પર હુમલો કર્યો. પછી રાતે સૂતેલા માનવીને કાતરવા માડયા. ગામલોકો ત્રાસી ગયા. સૌને સમજાયુ કે પખી ખાલી દાણા નહોતા ખાતા. એ વધારે તો જીવાત ખાતા હતા. એ હતા તો ખેતી હતી. એ હતા તો ખાવા ધાન હતા.

આખરે લોકો આ ગામ છોડીને નીકળી ગયા. જ્યા પખી કલ્લોલતા હતા એવી ભૂમિ પર જઈને વસ્યા.

■